પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News
RNI NO:- 67073/97
વર્ષઃ૨૪, અંકઃ૨૪૨, કુલ પાનાઃ૪, તારીખઃ ૦૭-૦૬-૨૦૨૧ સોમવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 242 PRICE :-RS. 1.50 DATE : 07-06-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
Whatsapp No.9712880678
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

પંચમહાલ સમાચાર
ઈ-પેપર જોવા વોટ્સએપ પર
નામ લખી મેસેજ કરો.
મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### આપ સરકારની ઘરે-ઘરે રાશન યોજના પર કેન્દ્રએ બ્રેક મોરી

## પિત્ઝા-બર્ગરની હોમ ડિલિવરી થઈ શકે તો રાશન નહિ કેમ નહિ?: કેજરીવાલ આગ બબૂલા



ન્યુ દિલ્હી,

કેન્દ્ર સરકાર તરફથી દિલ્હી સરકારની 'ઘરે-ઘરે રાશન યોજના' પર પ્રતિબંધ લગાવતા મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે રવિવારે એક પત્રકાર પરિષદ યોજી હતી. તેમણે કહ્યું કે આ યોજનાના અમલીકરણ માટે તમામ તૈયારીઓ કરવામાં આવી હતી, તો પછી તમે બે દિવસ પહેલા કેમ તેને રોકી દીધી? કેજરીવાલે કહ્યું કે તમે આમ કહીને અમારી યોજના નામંજૂર કરી કે અમે કેન્દ્રની મંજૂરી લીધી નથી. પરંતુ અમે આ યોજના માટે ૫ વખત કેન્દ્રની મંજૂરી લીધી હતી.મુખ્યમંત્રી કેજરીવાલે કહ્યું, આગામી સપ્તાહથી ઘરે-ઘરે રશન યોજના શરૂ થવાની હતી. આ માટેની તમામ તૈયારીઓ થઈ ચૂકી છે, પરંતુ કેન્દ્રએ અચાનક બે દિવસ પહેલા જ તેના પર પ્રતિબંધ લગાવી દીધો? વડાપ્રધાનજી આજે હું ખુબ જ વ્યથિત છું. જો આજે મારાથી કોઈ ભૂલ થઈ જાય તો માફ કરી દેજો. વડાપ્રધાનજી, રાજ્ય સરકાર આ યોજના માટે સક્ષમ છે. અને અમે કેન્દ્ર સાથે કોઈ વિવાદ ઈચ્છતા નથી. અમે તેનું નામ મુખ્યમંત્રી ઘરે-ઘરે રાશન યોજના રાખ્યું હતું. તે પછી તમે કહ્યું હતું કે યોજનામાં મુખ્યમંત્રીના નામનો સમાવેશ કરી શકાશે નહીં. અમે તમારી વાત માનીને નામ દૂર કરી નાખ્યું. ત્યારે હવે તમે અમારી યોજનાને એમ કહીને નકારી દીધી છે કે અમે કેન્દ્રની પરવાનગી લીધી નથી. અમે આ યોજના માટે ૫ વખત કેન્દ્ર સરકારની મંજૂરી લીધી છે.

કેજરીવાલે વધુમાં જણાવ્યુ હતું કે 'આ દેશમાં જો સ્માર્ટફોન, પિઝાની હોમ ડિલિવરી થઈ શકે છે તો રાશનની કેમ નહીં? શું તમને રાશન માફિયા પ્રત્યે સહાનુભૂતિ છે, વડાપ્રધાન સર? તે ગરીબ લોકોની વાત કોણ સાંભળશે? કોર્ટમાં અમારી યોજના સામે કેન્દ્રને જો કોઈ વાંધો નથી તો હવે કેમ તેને નકારી કાઢવામાં આવી રહી છે? ઘણા ગરીબ લોકોએ નોકરી ગુમાવી છે. લોકો બહાર જવા માંગતા નથી, તેથી અમે ઘરે-ઘરે રાશન મોકલવા માંગીએ છીએ.

## કોલકાતામાં ભાજપ કાર્યાલયથી ૧૦૦ મીટર દૂરથી ૫૧ બોમ્બ મળી આવતાં હડકંપ



કોલકાત્તા,

પશ્ચિમ બંગાળમાં ચૂંટણી દરમિયાન અને ચૂંટણી બાદ પણ સતત હિંસક ઘટનાઓ સામે આવી રહી છે. ચૂંટણી બાદ પણ ભાજપના કાર્યકરો પર હુમલાની અનેક ઘટનાઓ સામે આવી છે. ત્યારે આ બધા વચ્ચે શનિવારે મિલિટ્રી ઈન્ટેલિજન્સને મળેલા ઈનપુટના આધારે કોલકાતા પોલીસના એન્ટી રાઉડી સેક્શને ભાજપના કાર્યાલય પાસે હેસ્ટિંગ્સ ક્રોસિંગ ક્ષેત્ર ખાતેથી ૫૧ બોમ્બ જપ્ત કર્યા છે. કોલકાતા પોલીસે શનિવારે રાતે મહાનગરના હેસ્ટિંગ્સ ક્રોસિંગ એરિયામાં આવેલા ભાજપના કાર્યાલય પાસેથી આશરે ૫૧ દેશી બોમ્બ જપ્ત કર્યા હતા જેને લઈ ભારે હડકંપ મચી ગયો હતો. આ બોમ્બને પ્લાસ્ટિકની બોરીમાં ભરીને ભાજપ કાર્યાલયથી માત્ર ૧૦૦ મીટર દૂર રાખવામાં આવ્યા હતા. પોલીસ બોમ્બ ભરેલી બોરી મુકનારી વ્યક્તિને શોધવા પ્રયત્ન કરી રહી છે.જાણવા મળ્યા મુજબ પોલીસના એન્ટી રાઉડી સેક્શન (એઆરએસ)ને મિલિટ્રી ઈન્ટેલિજન્સ દ્વારા ઈનપુટ મળ્યા હતા. તેના આધાર પર એઆરએસે મોડી રાતે ભાજપના કાર્યાલય પાસે સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. આ દરમિયાન સૂતળી લપેટીને તૈયાર કરવામાં આવેલા ૫૧ દેશી બોમ્બથી ભરેલી સફેદ રંગની બોરી જપ્ત કરવામાં આવી હતી. જપ્ત કરવામાં આવેલા તમામ બોમ્બ જીવંત અને વિસ્ફોટ કરવા સક્ષમ હતા. એઆરએસે તાત્કાલિક બોમ્બ સ્ક્વોડને ઘટના સ્થળે બોલાવી હતી અને બોમ્બને નિષ્ક્રિય કરી દેવામાં આવ્યા હતા. પોલીસ બોમ્બ મુકનારાને શોધવા માટે સીસીટીવી કેમેરાની તપાસ કરી રહી છે અને આસપાસના લોકોની પુછપરછ કરી રહી છે. સાથે જ બોમ્બ ભાજપ કાર્યાલય પાસે શા માટે રાખવામાં આવ્યા હતા તેની પણ તપાસ ચાલી રહી છે. ભાજપના કોઈ પદાધિકારી પર હુમલાની શક્યતાને ધ્યાનમાં રાખીને તપાસ કરવામાં આવી રહી છે.

## પ.આફ્રિકાના બુર્કિના ફાસો દેશમાં આતંકીઓનો આતંક, એક જ ગામના ૧૦૦ લોકોની હત્યા

બુર્કિના ફાસો,

પશ્ચિમ આફ્રિકામાં આવેલા બુર્કિના ફાસો દેશના સોલ્હાન ગામમાં અજાણ્યા બંદુકધારીઓએ અંધાધુંધ ફાયરિંગ કરતાં ૧૦૦ લોકોનાં ઘટના સ્થળે જ મોત નીપજ્યા હતા અને મોટી સંખ્યામાં લોકો ઈજાગ્રસ્ત થયા છે. છેલ્લા કેટલાક વર્ષોમાં આ બુર્કિના ફાસોમાં થયેલો સૌથી મોટો ઘાતક હુમલો હતો.સરકારી પ્રવક્તા ઔસેની ટામ્બૌરાએ જણાવ્યું કે, આ હુમલા પાછળ જેહાદીઓનો હાથ છે. તેમણે સાહેલના યાગ્ના પ્રોવિન્સમાં આવેલા સોલ્હાન ગામને નિશાન બનાવ્યું હતુ. નિજેરની સરહદ નજીક આવેલા વિસ્તારના બજાર અને કેટલાક લોકોના ઘરોને પણ આ હુમલાખોરોએ બાળી મૂક્યા હતા. બુર્કિના ફાસોના પ્રમુખ રોચ માર્ક ક્રિસ્ટીન કાબોરેએ આ હુમલાને જંગલી ગણાવ્યો હતો.સશસ્ત્ર ટકરાવના સ્થળો તેમજ તે અંગેના તજજ્ઞા હેની એન્સૈબિયાએ જણાવ્યું કે, પાંચ વર્ષ અગાઉ આ દેશમાં અલ કાયદા અને ઈસ્લામિક સ્ટેટના આંતકીઓ મોટા પ્રમાણમાં જોવા મળતા હતા. જોકે તેમના હુમલા છેલ્લા કેટલાક સમયમાં ખુબ જ ઘટી ગયા હતા. જોકે, આ છેલ્લા કેટલાક સમયમાં થયેલો સૌથી મોટો હુમલો કહી શકાય. ત્રણ દેશોના સરહદી વિસ્તારમાં ફ્રાન્સની આગેવાની હેઠળની કાઉન્ટર ટેરેરિઝમ ફોર્સની હાજરી છે. જેની સાથે આ જુથોનો સંઘર્ષ થતો રહે છે. હવે તેઓ ફ્રેન્ચ ફોર્સની પહોંચ બહારના વિસ્તારમાં પોતાની સ્થિતિ મજબુત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે.સાહેલ વિસ્તારમાં પાંચ હજાર ફ્રેન્ચ સૈનિકોની હાજરી છતાં જેહાદીઓના હુમલા વધી રહ્યા છે. એપ્રિલના એક સપ્તાહમાં બુર્કિના ફાસોમાં ૫૦થી વધુ લોકો માર્યા ગયા હતા, જેમાં ત્રણ વિદેશી નાગરીકો હતા. દેશમાં ૧૦ લાખથી વધુ લોકોના સ્થળાંતરની ફરજ પડી છે.

## મોદી હૈ તો મુમકિન હૈ: ભોપાલમાં પેટ્રોલ ૧૦૩ રૂપિયે લિટર



ભોપાલ,

પેટ્રોલ અને ડીઝલની કિંમત સતત વધી રહી છે. આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલનાં ભાવમાં થયેલા વધારાની અસર સ્થાનિક બજારમાં તેલની કિંમતો પર પડી રહી છે. સ્થિતિ એવી છે કે આ મહિનાનાં છેલ્લા ૫ દિવસમાં પેટ્રોલ ૪ રૂપિયા પ્રતિ લિટરથી વધુ મોંઘું થઈ ગયું છે, જ્યારે ડીઝલ ૫.૧૭ રૂપિયા પ્રતિ લિટર મોંઘુ થઈ ગયુ છે. ગયા મહિને પણ પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં ૧૬ ગણો વધારો કરવામાં આવ્યો હતો. આજે પેટ્રોલનો દર ફરી એક વખત વધ્યો છે. વળી આજે ડીઝલનો દરમાં પણ ફેરફાર થયો છે.

દિલ્હીમાં ૬ જૂને એટલે કે આજે પેટ્રોલનો ભાવ પ્રતિ લિટર ૯૫.૦૩ રૂપિયા અને ડીઝલનો ભાવ ૮૫.૯૫ રૂપિયા પર પહોંચી ગયો છે. આ પહેલા ૫ જૂને પેટ્રોલની કિંમત રૂપિયા ૯૪.૭૬ અને ડીઝલની કિંમત પ્રતિ લિટર ૮૫.૬૬ રૂપિયા હતી. આપને જણાવી દઈએ કે, ગઈકાલે પેટ્રોલની કિંમતમાં ૨૭ પૈસા અને ડીઝલની કિંમતમાં લિટર દીઠ ૨૮ પૈસાનો વધારો કરવામાં આવ્યો હતો. આ મહિનાની શરૂઆતમાં એટલે કે ૧ જૂનનાં રોજ પેટ્રોલનાં ભાવમાં પ્રતિ લિટર ૨૬ પૈસા અને ડીઝલનાં ભાવમાં ૨૩ પૈસા પ્રતિ લિટર વધારો કરવામાં આવ્યો છે. વળી, છેલ્લા ૨૦ દિવસમાં ડીઝલ ૫.૧૭ રૂપિયા પ્રતિ લિટર અને પેટ્રોલ ૪ રૂપિયા મોંઘુ થયું છે.

ઉલ્લેખનીય છે કે, પેટ્રોલ અને ડીઝલનાં ભાવ દરરોજ સવારે ૬ વાગ્યે બદલાય છે અને સવારે ૬ વાગ્યે અપડેટ થઈ જાય છે. નવા દર સવારે ૬ વાગ્યાથી લાગુ થશે. જેમાં પેટ્રોલ અને ડીઝલનાં ભાવ એકસાઈઝ ડ્યુટી, ડીલર કમિશન અને અન્ય વસ્તુઓ ઉમેરીને લગભગ બમણો થાય છે.

## અમદાવાદમાં આજથી એએમટીએસ-બીઆરટીએસ બસ સેવા શરૂ થશે



અમદાવાદ,

અમદાવાદની AMTS-BRTS બસ સેવાને લઈને મોટા સમાચાર સામે આવ્યા છે. ૭ જૂન સોમવારથી અમદાવાદ સિટી બસ સેવા પુનઃ શરૂ થશે. સોમવારથી AMTS, BRTS બસ સેવા શરૂ થતા લોકોને રાહત મળશે. કોરોનાના કારણે AMTS, BRTS બસ સેવા બંધ હતી. કોવિડ નિયમો સાથે બસ સેવા શરૂ થશે. સીટી બસમાં રોજના આશરે ૪ લાખથી વધુ લોકો મુસાફરી કરતા હોય છે. જેમા કર્મચારી વર્ગ, વિદ્યાર્થીઓ અને અન્ય સામાન્ય લોકો પોતાની મુસાફરી માટે બસ સેવાનો લાભ લેતા હતા.સીટી બસમાં રોજના આશરે ૪ લાખથી વધુ લોકો મુસાફરી કરતા હોય છે. જેમા કર્મચારી વર્ગ, વિદ્યાર્થીઓ અને અન્ય સામાન્ય લોકો પોતાની મુસાફરી માટે બસ સેવાનો લાભ લેતા હતા. ૧૮ માર્ચના દિવસે છ્સ્જી અને મ્ઇ્જી બંને સેવા કોરોનાના સંક્રમણને ધ્યાનમાં રાખી બંધ કરી દેવાઈ હતી. જે બાદ લોકોને રિક્ષામાં જવા માટે વધારે ભાડું પણ આપવું પડતું હતું.ગુજરાતની એસ.ટી.બસમાં હવે મુસાફરી માટે વધુ છૂટ મળી છે. હવે એસ.ટી.બસમાં ૭૫ ટકા સિટિંગ કેપેસીટી સાથે મુસાફરી થઈ શકશે. ૫૦ ટકાની જગ્યાએ ૭૫ ટકાની કેપેસિટી રાખવામાં આવી છે. સવારે ૬થી રાત્રે ૯ વાગ્યા સુધીની બસને મુસાફરીની છૂટ અપાઈ છે.

## સૌરાષ્ટ્રવાસીઓ આનંદો: ચોમાસા પહેલાં ૧૨૫ તળાવ અને ૮૦૩ ચેકડેમ છલોછલ



સૌરાષ્ટ્રમાં ચોમાસાના આગમનના એંધાણ દેખાઈ રહ્યા છે. પરંતુ કાળઝાળ ઉનાળા અને આકરા તાપમાં સૌરાષ્ટ્રની તરસી ધરતીને પરી તૃપ્ત કરવાનું કામ નર્મદાનીર દ્વારા થયું છે. અત્યાર સુધીમાં જૂદી – જૂદી ચાર લીંક દ્વારા ૧૨૫ તળાવો અને ૮૦૩ ચેકડેમમાં નર્મદાનીર ઠાલવીને સૌની યોજના હેઠળ ચોમાસા પહેલાં જ અનેક વિસ્તારોમાં જલ મંદિરોને છલકાવી દેવામાં આવ્યા છે. સૌરાષ્ટ્રના ગામડાઓમાં દર વર્ષ ઉનાળાના દિવસો દરમિયાન પીવાના પાણી અને સિંચાઈના પાણીનો પ્રશ્ન મુંઝવણરૂપ રહ્યો છે. પરંતુ નર્મદા નીરના આગમન બાદ અનેક વિસ્તારોમાં ઉનાળા દરમિયાન પણ ખેતરોમાં સિંચાઈ માટે પુરંતુ પાણી મળી રહે છે. સૌની યોજના હેઠળ અત્યારે સરદાર સરોવર યોજના હેઠળની જૂદી – જૂદી ચાર લીંક મારફતે પાણી જૂદા – જૂદા વિસ્તારોમાં પહોંચાડવામાં આવે છે. જેની વિગતોનાં સંદર્ભમાં સૌની યોજનાના સુત્રો જણાવે છે કે, જસદણ તાલુકામા અંતરિયાળ ગામોમાં પાણીનો પ્રશ્ન ગંભીર હોવાથી ગોંડલાધાર, સોમ્લપર, જસાપર, પાંચવડા, વડોદ સહિતના ગામોના તળાવો ભરી દેવામાં આવ્યા છે. અત્યારે લીંકે - ૧માંથી ૪૩૫એમસીએફટી લીંક-૨માંથી ૨૭૦ એમસીએફટી લીંક-૩માંથી ૪૫૦ એમસીએફટી અને લીંક ૪માંથી ૪૫૦ એમસીએફટી પાણી ઉપાડવામાં આવે છે.

આગામી તા. ૩૦ જૂન સુધી નર્મદાનીર ચાલુ રાખવાની સુચના છે. પરંતુ સૌરાષ્ટ્રના જૂદા – જૂદા વિસ્તારોની સુકી ધરતી હવે પરીતૃપ્ત થઈ ગઈ હોવાથી ૧૫ જૂન પછી પાણી બંધ કરવામાં આવે તેવી સંભાળના છે. અત્યાર સુધીમાં ૧૨૫ તળાવો અને ૮૦૩ ચેકડેમ ભરી દેવામાં આવ્યા છે. વિના વરસાદે અનેક જળાશયો છલોછલ જોવા મળે છે. સૌરાષ્ટ્ર માટે આશિર્વાદ રૂપ સૌની યોજના હજુ અઠવાડિયા સુધી ચાલુ રહેશે.

## દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧.૧૪ લાખ નવા કેસ, ૨૬૭૭ લોકોનાં મોત

ન્યુ દિલ્હી,

દેશમાં કોરોના સંક્રમણની બીજી લહેર નબળી પડી રહી છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં સંક્રમણના ૧,૧૪,૪૬૦ નવા કેસ સામે આવ્યા છે. રોજ સામે આવી રહેલાં કોરોનાના નવા દર્દીઓનો આ આંકડો છેલ્લા બે મહિનામાં સૌથી ઓછો છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧,૮૯,૨૩૨ લોકો કોરોના સંક્રમણથી સ્વસ્થ થયા છે, જ્યારે ૨૬૭૭ લોકોનાં મોત નિપજ્યાં છે.

સ્વાસ્થ્ય વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા અનુસાર, દેશમાં અત્યાર સુધી કોરોના સંક્રમણના કુલ કેસની સંખ્યા ૨ કરોડ ૮૮ લાખ ૯ હજાર ૩૩૯ થઈ ગઈ છે. જ્યારે કુલ કેસમાંથી ૨ કરોડ ૬૯ લાખ ૮૪ હજાર ૭૮૧ લોકો કોરોને માત આપવામાં સફળ રહ્યાં છે, જ્યારે ૩,૪૬,૭૫૯ લોકોનાં મોત નિપજ્યાં છે. દેશમાં કોરોનાના એક્ટિવ કેસોની સંખ્યામાં સતત ઘટાડો થઈ રહ્યો છે. હાલ દેશમાં કોરોનાના એક્ટિવ કેસની સંખ્યા ૧૪,૭૭,૭૯૯ છે.

બીજી બાજુ, દેશમાં શનિવારે કોરોનાની રસીના ૩૧,૨૦,૪૫૧ ડોઝ આપવામાં આવ્યા. આ સાથે જ અત્યાર સુધી ૨૩ કરોડથી વધુ ડોઝ અપાઈ ચૂક્યાં છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય વિભાગે જણાવ્યું કે, શનિવારે આપવામાં આવેલા કુલ ડોઝમાંથી ૧૮-૪૪ વયવર્ગના ૧૬,૧૭,૫૦૪ લાભાર્થીઓને રસીનો પ્રથમ ડોઝ, જ્યારે ૪૧,૦૫૮ને બીજો ડોઝ આપવામાં આવ્યો. રસીકરણ અભિયાનના ત્રીજા તબક્કાની શરૂઆત બાદથી રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં અત્યાર સુધી આ વયવર્ગના ૨,૭૬,૩૫,૯૩૭ લોકોને પ્રથમ ડોઝ, જ્યારે ૧,૬૦,૪૦૬ લોકોનો બીજો ડોઝ આપવામાં આવ્યો છે.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

બારીયા બાબુભાઈ ચીમનભાઈ
મુ.નળુ માલણીયા ફળિયું
તા.ધાનપુર

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

ભુરીયા મોહનભાઈ ખીમજીભાઈ
મુ. વાંકોટા પટેલ ફળિયા વાંસીયા ડુંગરી પટેલ ફળિયા વાંકોટા
તા.ધાનપુર

## લુણાવાડ એ.પી.એમ.સી.માર્કેટમાં
# ઘઉં અને ચણાની ટેકાના ભાવે ખરીદી શરૂ થતાં ખેડુતોમાં આનંદ



લુણાવાડા, મહિસાગર જિલ્લાના લુણાવાડા એપીએમસી માર્કેટ ખાતે ઘઉં અને ચણાની ટેકાના ભાવે ખરીદી શરૂ કરવામાં આવતા ખેડુતોમાં આનંદની લાગણી ફેલાઈ હત. ખેડુતો દ્વારા વહેલી સવારથી અનાજ સાથે એપીએમસી માર્કેટમાં આગમન શરૂ થઈ જાય છે. મહિસાગર જિલ્લાના નાગરિક પુરવઠા નિગમ દ્વારા હાલ ટેકાના ભાગે ઘઉં અને ચણાની ખરીદી કરવામાં આવી રહી હતી. લુણાવાડા તાલુકામાં ઘઉં અને ચણાની ટેકાના ભાવે ખરીદી ચાલુ થતાં ખેડુતોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. સરકાર દ્વારા ટેકાના ભાવે ખરીદી કરવા માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવામાં આવ્યુ હતુ. હાલ લુણાવાડા એપીએમસી માર્કેટમાં ઘઉં અને ભણાની ટેકાના ભાવે ખરીદી ચાલુ કરી હતી. મહિસાગર જિલ્લામાં કોરોના કેસમાં સતત વધારો જોવા મળ્યો હતો જેના અનુસંધાનમાં તંત્ર દ્વારા એપીએમસી ૨૦/૦૪/૨૧થી લુણાવાડા એપીએમસી માર્કેટમાં ટેકાના ભાવે ખરીદી કરવાનુ મોકુફ રખાયુ હતુ. હાલ કોરોના સંક્રમણમાં નોંધપાત્ર ઘટાડો નોંધાતા તંત્ર દ્વારા ૨૪/૦૫/૨૧થી ટેકાના ભાવે ફરીથી રાબેતા મુજબ ખરીદી ચાલુ કરી હતી. લુણાવાડા એપીએમસી માર્કેટમાં ટેકાના ભાવે ઘઉં આપવા માટે કુલ ૨૯૯ ખેડુતોએ ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવ્યુ હતુ. જેમાં હાલ ૯૭ ખેડુતોની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવી હતી. જયારે ચણા માટે ૧૦૮૮ ખેડુતોએ રજીસ્ટ્રેશન કરાવ્યુ હતુ. જેમાં ૩૯૭ ખેડુતોની ચણાની હાલ ખરીદી કરી હતી. આમ સરકાર દ્વારા ઘઉંના ૨૦ કિલોના ૩૯૫ રૂપિયાએ ટેકાના ભાવે ખરીદી કરવામાં આવી હતી. ચણાની ૧૦૨૦ રૂપિયે ખરીદી કરવામાં આવી હતી. આમ ગોડાઉન મેનેજર દ્વારા લુણાવાડા તાલુકાના સર્વે ખેડુતોને અપીલ કરી હતી કે, સરકારની ચાલી રહેલ આ યોજનાનો વધુથી વધુ ખેડુતો લાભ લઈ પોતાના પાકનુ સારૂ એવુ વળતર મેળવે તેવી ખેડુતોએ ભલામણ કરી હતી.

## રાજ્ય રક્ષિત સ્મારકોમાં લવાણા
# લુણાવાડાનો કલેશ્વરી સ્મારકનો સમાવેશ

લુણાવાડા, મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ ગુજરાતમાં રાજ્ય રક્ષિત પાંચ સ્મારકોના પુરારક્ષણ તેમજ રિસ્ટોરેશન માટે કુલ પાંચ કરોડ રૂપિયા ફાળવવાની મંજૂરી આપી છે.
રાજ્ય સરકારના પૂરાતત્વ અને સંગ્રહાલય નિયામક હસ્તકના આ રાજ્ય રક્ષિત સ્મારકોના જિર્ણોદ્ધાર તેમજ અન્ય માળખાકીય સવલતોના કામો આ રકમમાંથી હાથ ધરવામાં આવશે. મુખ્યમંત્રીએ રાજ્યના ઐતિહાસિક, પૂરાતત્વીય અને ધાર્મિક-સાંસ્કૃતિક મહત્વ ધરાવતા જે પાંચ રાજ્ય રક્ષિત સ્મારકોમાં કોન્ઝરવેશન-રિસ્ટોરેશનના કામોની મંજૂરી આપી છે તેમાં કલેશ્વરી સ્મારક સમૂહ ગામઃ લવાણા તા.લુણાવાડા જિઃ મહિસાગરના સમાવેશ કરવામાં આવ્યો છે તેની સાથે પુઅરેશ્વર મંદિર (પંઅુરાગઢ નજીક) ગામઃ મંજલ તાઃ નખત્રાણા જિ. કચ્છ-તરણેતર મંદિર ગામઃથાન તાઃ ચોટીલા જિઃ સુરેન્દ્રનગર-પ્રાચીન જૈન મંદિર (સંગ્રહાલયનું મકાન) ગામઃપ્રભાસ પાટણ તાઃ વેરાવળ પાટણ જિઃ જુનાગઢ-ખંભાલીડા બૌદ્ધ ગુફાઓ ગામઃખંભાલીડા તાઃગોંડલ જિઃરાજકોટનો પણ સમાવેશ થાય છે.
મુખ્યમંત્રીએ આપેલી આ મંજૂરી અનુસાર આ પાંચ સ્મારકોમાં પ્રત્યેક સ્મારક દીઠ રૂ. ૧-૧ કરોડનો ખર્ચ કરીને સ્મારકોનું સંરક્ષણ, જિર્ણોદ્ધાર, પરિસર વિકાસ તેમજ વૃક્ષારોપણ, બ્યૂટીફિકેશનના કામો અને પર્યટક સુવિધા વૃદ્ધિની કામગીરીને આવરી લેવામાં આવશે. રાજ્ય સરકારે ૨૦૨૧-૨૨ના બજેટમાં આ હેતુસર પાંચ કરોડ રૂપિયા ફાળવેલા છે.
જે પાંચ રાજ્ય રક્ષિત સ્મારકો માટે આ રકમ ફાળવી છે તે પૈકી મહીસાગરના કલેશ્વરી સ્મારક સમૂહનો સંક્ષિપ્ત ઈતિહાસ આ મુજબ છે.
મહીસાગર જિલ્લાના ખાનપુર તાલુકાના લવાણા ગામ પાસે કલેશ્વરી સ્મારક સમુહ આવેલ છે. આ સ્મારક સમુહમાં કુલ ૯ સ્મારકો આવેલા છે. જે આ પ્રમાણે છે અર્જુન ચોરી, કુંડ, ત્રણ પ્રવેશ દ્વારવાળુ મંદિર, પ્રાચીન મંદિર, ભીમ ચોરી, વહુની વાવ, શિકારમઢી, શીલાલેખવાળુ મંદિર તથા સાસુની વાવ વગેરે આવેલ છે. આ સ્મારક સમુહમાં ૧૧મી સદીથી શરૂ કરીને ૧૫મી સદી સુધીના મંદિરો આવેલા છે. તેમાં ખાસ કરીને ૧૧મી સદીના પુરણા મંદિરના જગતીના અવશેષ ઉપર ૧૪મી સદીનું મંદિર તથા સોલંકી કાલીન કૂડ અને તેના અવશેષો સાથે સાસુ વાવ અને વહુની વાવ એક જલ મંદિર જેવુ સ્થાપત્ય છે.
આમ, કલેશ્વરી સ્મારક સમૂહનો રૂા. એક કરોડના ખર્ચે માળખાકીય સવલતો ઉપલબ્ધ થતાં પ્રવાસન પ્રેમીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની રહેશે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા.૦૭-૦૬-૨૦૨૧, સોમવાર, વૈશાખ વદ-૧૨, સૂર્યોદય-૫-૨૨, સૂર્યાસ્ત-૭-૧૯, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : મેષ (અ.લ.ઈ.), નક્ષત્રઃ ભરણી

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | - શુભ ચોઘડીયા -<br>અભિજીત ૧૩-૩૯ થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી<br>- શુભ હોરા-<br>૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી |

# મહીસાગર જિલ્લા પંચાયત કચેરીના પટાંગણમાં ઔષધિય રોપાઓનું વાવેતર કરી વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરાઇ



લુણાવાડા, વિશ્વ સામે સૌથી મોટો પડકાર હોય તો તે ગ્લોબલ વોર્મિંગ છે. જનમાનસમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતતા વધે, લોકો પર્યાવરણ સુરક્ષાના કાર્યમાં સહભાગી બને તે હેતુ થી ૫મી જૂનની વિશ્વ પર્યાવરણ દિન તરીકે ઉજવણી કરવામાં આવે છે. વિશ્વ પર્યાવરણ દિવસે વૃક્ષનું મહત્વ સમજી વધુને વધુ વૃક્ષોનું વાવેતર કરીએ પર્યાવરણની જાળવણી કરીએ ના સુત્રને સાર્થક કરવા મહીસાગર જિલ્લા પંચાયત કચેરીના પટાંગણમાં વિશ્વ પર્યાવરણ દિવસે જિલ્લા પંચાયત પ્રમુ રમીલાબેન ડામોર, લુણાવાડા ધારાસભ્ય જીગ્નેશભાઇ સેવક, જિલ્લા કલેક્ટર આર.બી.બારડ,જિલ્લા વિકાસ અધિકારી કે.ડી.લાખાણી,અધિક નિવાસી કલેક્ટર જે.કે.જાદવ, નાયબ વન સંરક્ષક રાજ પટેલ સહિત જિલ્લા પંચાયતની વિવિધ શાખાઓના અધિકારીઓ અને કર્મચારીઓની ઉપસ્થિતમાં મહાનુભાવોના હસ્તે તુલસી, ગળો, અરડૂસી,આંબળા જેવા વિવિધ ઔષધિય રોપાઓનું વાવેતર કરી વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

## લુણાવાડા ફોરેસ્ટ રેસ્ટાઉસ ખાતે તુલસીના ૧૦૮ રોપા વાવીને તુલસી વનનું નિર્માણ



લુણાવાડા, સમગ્ર વિશ્વમાં ૫મી જૂન વિશ્વ પર્યાવરણ દિન તરીકે ઉજવાય છે ત્યારે પર્યાવરણ જતન અને સંરક્ષણ માટે રાજ્ય સરકાર દ્વારા સઘન કામગીરી કરવામાં આવી રહી છે. તે અનુસંધાને મહીસાગર જિલ્લાના સૌ નાગરિકો પર્યાવરણ જતન માટે સંકલ્પબદ્ધ બને એ આજના સમયની તાતી જરૂરિયાત છે. લોકો પર્યાવરણીય સંપતિની જાળવણી કરે અને તેના પ્રત્યે જાગૃત બને તેવા ઉદ્દેશથી ૫મી જૂન વિશ્વ પર્યાવરણ દિવસે મહીસાગર જિલ્લા વન વિભાગ અને લુણાવાડા ફોરેસ્ટ રેન્જ દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે કોરોનાના સંકટકાળમાં કોરોના વોરિયર્સ પૂરવાર થયેલા રોગપ્રતિકારક શક્તિવર્ધક તુલસીના ૧૦૮ રોપા વાવીને ફોરેસ્ટ રેસ્ટાઉસ ખાતે તુલસી વનનું નિર્માણ કરવામાં આવ્યું છે.જેમા મહીસાગર જિલ્લા વિકાસ અધિકારી કે.ડી.લાખાણી, જિલ્લા પોલીસ વડા આર.પી.બારોટ અને નાયબ વન સંરક્ષક રાજ પટેલ,રેન્જ ફોરેસ્ટ અધિકારી વૈભવ હારેજાં સહિત વન વિભાગના અધિકારીઓ કર્મચારીઓએ સ્વહસ્તે આ ઔષધિય રોપા રોપીને વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.
આ પ્રસંગે ડી.ડી.ઓ લાખાણીએ જણાવ્યું હતુ કે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી થી જિલ્લાના સૌ નાગરિકો પર્યાવરણ જતન માટે સંકલ્પબદ્ધ બને અને લોકો પર્યાવરણીય સંપતિની જાળવણી કરે અને તેના પ્રત્યે જાગૃત બને આ અંતર્ગત વન વિભાગ દ્વારા આ વર્ષે ઔષધિય તુલસીના ૧૦૮ રોપાઓનું વન તેમજ તુલસી,ગળો અને અરડૂસીના રોપાઓનું લોકોને વિતરણ કરીને વિશ્વ પર્યાવરણ દિવસની સાર્થક ઉજવણી કરવામાં આવી છે.
સાથે સાથે મહીસાગર વન વિભાગ દ્વારા લુણાવાડા ખાતે જનજાગૃતિ સંદેશ સાથેની ગો ગ્રીન સાઇકલ રેલીને ઉપસ્થિત મહાનુભાવોએ પ્રસ્થાન કરાવ્યુ હતું. આ રેલી શહેરના વિવિધ વિસ્તારમાં ફરીને ગ્રીન મહીસાગરના સંદેશ પ્રસરાવતી વન વિભાગની કચેરીએ પરત ફરી હતી. તેમજ પર્યાવરણ દિવસે તુલસી, ગળો અને અરડૂસીના રોપાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. સાથે જિલ્લાના બાલાશિનોરમાં ઔષધિય રોપાનું વિતરણ વાવેતર,સંતરામપુર પૂર્વમાં જનજાગૃતિ સાઇક્લ રેલી, સંતરામપુર પ્રશ્ચિમના સાતકુંડા ઈકો ટુરીઝમ ખાતે પ્લાસ્ટિક તેમજ અન્ય કચરાની સાફ સફાઈ,ખાનપુરના કલેશ્વરી ઈકો ટુરિઝમ ખાતે પ્લાસ્ટિક તેમજ અન્ય કચરાની સાફ સફાઈ,કડાણા પોલીસ સ્ટેશન ખાતે વૃક્ષારોપણ, અને ડીટવાસના પી.એચ.સી. ખાતે વૃક્ષારોપણ તેમજ બચકરીયા થી ડીટવાસ જનજાગૃતિ પદયાત્રા સહિતનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉજવણી કાર્યક્રમમાં મહીસાગર નેચર એન્ડ એડવેન્ચર ફાઉન્ડેશન તથા લોક વિજ્ઞાન કેન્દ્ર ગોધરાના સંયુક્ત ઉપક્રમે પર્યાવરણ જાગૃતિ તેમજ પકૃતિના જતન માટે સાથે જોડાઈ સહયોગ આપવામાં આવ્યો હતો.

## મહીસાગર જિલ્લામાં આજે ૦૭ પોઝિટિવ કેસ નોંધાયા
## અત્યારસુધી જિલ્લામાં કોરોનાના કુલ ૭૪૪૮ પોઝીટીવ કેસ નોંધાયા

લુણાવાડા, કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજ્ય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેક્ટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી કે. ડી. લાખાણીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.
મહીસાગર જિલ્લામાં આજે કડાણા તાલુકાની ૦૧ સ્ત્રી, લુણાવાડા તાલુકાની ૦૨ સ્ત્રી, ૦૧ પુરૂષ, વિરપુર તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૨ પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યા છે. આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૦૫-૦૬-૨૦૨૧ના સાંજના ૪-૩૦ વાગ્યા સુધીમાં ૭૪૪૮ કેસ પોઝીટીવ નોંધાયા છે. આજે જિલ્લામાં સારવાર લઇ રહેલા દર્દીઓ પૈકી બાલાસિનોર તાલુકાની-૦૩ સ્ત્રી, ૦૨ પુરૂષ, કડાણા તાલુકાની ૦૧ સ્ત્રી, ખાનપુર તાલુકાની ૦૫ સ્ત્રી, ૦૨ પુરૂષ, લુણાવાડા તાલુકાની-૦૩ સ્ત્રી, ૦૬ પુરૂષ, સંતરામપુર તાલુકાના ૦૪ પુરૂષ અને વિરપુર તાલુકાના ૦૩ પુરૂષ દર્દીઓએ કોરોનાને મ્હાત આપતાં તેમને રજા આપવામાં આવી છે.
આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૭૨૨૯ દર્દીઓ સ્વસ્થ થઇને સ્વગૃહે પરત ફર્યા છે.
જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૨૨ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૫૧ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૭૩ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનલફલુ/ કોરોનાના કુલ ૨૫૫૪૦૧ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૫૭૮ વ્યક્તિઓને હોમ ક્વોરોન્ટાઇલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.
મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૦૩ દર્દી ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલ, લુણાવાડા ખાતે, ૮૬ દર્દી હોમઆઇસોલેશનમાં, ૦૭ દર્દી એસ.ડી.એસ. સંતરામપુર ખાતે, ૧૫ દર્દી અન્ય જિલ્લા ખાતે અને ૩૫ દર્દી પ્રાઇવેટ હોસ્પિટલ, મહીસાગર ખાતે સારવાર હેઠળ છે.
કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૧૨૩ દર્દીઓ સ્ટેબલ, ૨૧ દર્દીઓ ઓક્સિજન પર અને ૦૨ દર્દીઓ વેન્ટીલેટર પર છે.

## ગ્રામ્ય વિસ્તારમાં ૧૮થી ૪૪ વર્ષના નાગરિકોમાં રસીકરણની ઝડપ વધારવા મુખ્ય મંત્રીનો મહત્વનો નિર્ણય

લુણાવાડા, ગ્રામ્ય વિસ્તારમાં ૧૮ થી ૪૪ વર્ષના નાગરિકોમાં રસીકરણની ઝડપ વધારવા મુખ્ય મંત્રી વિજયભાઇ રૂપાણીએ મહત્વનો નિર્ણય કરાયો છે. જેમાં ૧૮થી ૪૪ વર્ષના નાગરિકોને કોવિન એપમાં રસીકરણની નોંધણી માટે ગ્રામ પંચાયતમાં કાર્યરત VCE-કોમ્પ્યુટર ઓપરેટર મદદરૂપ થશે. આ માટે રાજ્ય સરકાર VCE-કોમ્પ્યુટર ઓપરેટરને પ્રોત્સાહક રકમ પેટે પ્રતિ નોંધણી દીઠ રૂ. પાંચ ચૂકવશે.
આ નિર્ણયથી ગ્રામ્ય સ્તરે ૧૮થી ૪૪ વર્ષના લોકોને રસીકરણ માટે નોંધણીની ઝડપી સુવિધા ઉપલબ્ધ થશે અને રસીકરણને વધુ વેગ મળશે.

## મહીસાગર જિલ્લા વિકાસ અધિકારી એ સંતરામપુર તાલુકામાં પંચાયત હસ્તકના વિવિધ કામોનું નિરીક્ષણ કર્યુ



મહીસાગર જિલ્લા વિકાસ અધિકારી કે.ડી.લાખાણીએ ૪થી જુને સંતરામપુર તાલુકાની મુલાકાત લીધી હતી. તેમા તેમણે પંચાયત હસ્તકના વિવિધ કામો અંગે જેવા કે સંતરામપુર તાલુકા પંચાયત કચેરી ની વિવિધ શાખા અધ્યક્ષોની કામગીરી, સંતરામપુર આંગણવાડી કેન્દ્ર નંબર -૫/૯/૧૧ ની મુલાકાત લઇ આંગણવાડી કાર્યકર સાથે અલગ અલગ યોજનાઓની કામગીરી અંગે સંતરામપુર તાલુકાની સ્ટેટ હોસ્પિટલમાં ચાલતા ૧૮ થી ૪૪ વર્ષની વયના રસીકરણ કેન્દ્રની મુલાકાત લઇ ટી.એચ.ઓ. સાથે રજીસ્ટ્રેશનની તેમજ મેડીકલ ઓફીસરની મીટીંગમાં વિવિધ કામગીરીની સમીક્ષા કરી હતી. સંતરામપુર તાલુકાના રાણીજીની પાદેડી તેમજ આંજણવા ગ્રામ પંચાયતમાં મનરેગા યોજના હેઠળ ચાલતા તળાવ ઉંડુ કરવાની કામગીરીની મુલાકાત લઈ તળાવના કામનુ નિરીક્ષણ કરી ઉપસ્થિત અધિકારી તેમજ શ્રમિકો સાથે વાર્તાલાપ કરયો હતો. શૌચાલયનુ (એસ.બી.એમ.જી) તેમજ પી.એમ.એ.વાય યોજનાનાનુ નિરીક્ષણ કરી જરૂરી ચર્ચા વિચારણા કરી સલાહ સુચનો કરી માર્ગદર્શન આપ્યું હતું.

## દૈનિક રાશીફળ
તા.૦૭.૦૬.૨૦૨૧ સોમવાર

મેષ (અ.લ.ઈ.):- તમારા સ્વાસ્થ્યમાં સુધારાને લગતી પ્રવૃત્તિઓ ફરી શરૂ કરવા માટે શ્રેષ્ઠ દિવસ. તમારા વધારાનાં નાણાં એવા સુરક્ષિત સ્થળે મૂકો જે તમને આવનારા સમયમાં વળતરનું વચન આપે. લાગણીશીલ જોખમ તમારી તરફેણમાં જશે.
વૃષભ(બ.વ.ઉ.):- ધ્યાન રાહત લાવશે. આ રાશિ ના અમુક લોકો ને ભૂમિ સંબંધિત બાબતો માં ધન ખર્ચ કરવું પડી શકે છે. તમારા પ્રિયપાત્ર સાથે દલીલો સર્જી શકે એવા વિવાદાસ્પદ મુદ્દાઓને છેડવાનું ટાળવું જોઈએ. સૅક્સ અપીલ વાંછિત ફળ આપશે.
મિથુન(ક.છ.ઘ.):- ધીરજ રાખો કેમ કે તમારા સતત પ્રયાસો વિવેકબુદ્ધિ તથા સમજદારી તમને સફળતાની ગેરેન્ટી આપે છે. તમારા પિતા ની કોઈ સલાહ તમને કાર્યક્ષેત્ર માં આજે ધનલાભ કરાવી શકે છે. જીવનસાથી તમને ખુશી આપવાનો પ્રયાસ કરશે તેનાથી તમારો દિવસ આનંદથી ભરપૂર રહેશે.
કર્ક(ડ.હ.):- તમારૂં વ્યક્તિત્વ આજે અત્તરની જેવું કામ કરશે. વેપાર ને મજબૂત કરવા માટે તમે કોઈ મહત્વપૂર્ણ પગલાં લાયી શકો છો જેના માટે તમારા કોઈ નજીકી તમારી નાણાકીય મદદ કરી શકે છે. શાળામાં અભ્યાસમાં રસના અભાવે બાળકો કેટલીક નિરાશા સર્જશે.
સિંહ(મ.ટ.):- સ્વાસ્થ્યની બાબતમાં તમારી જાતની અવગણના ન કરવાની સાવચેતી રાખજો. એક યા બીજી જગ્યાએથી તમને આર્થિક લાભ મળી રહેશે. મોટી વયના સંબંધીઓ ગેરવ્યાજબી માગણીઓ કરે એવી શક્યતા છે.
કન્યા(પ.ઠ.ણ.):- કેટલીક અનિવાર્ય પરિસ્થિતિઓ તમને બેચેન કરી શકે છે.પણ તમારે તમારા મગજ પર કાબુ રાખી રાખી પરિસ્થિતિ સાથે કામ પાર પાડવા માટે તરત જ પ્રતિક્રિયા આપવાનું ટાળવું જોઈએ. જે લોકો દુગ્ધ વેપાર થી સંકળાયેલા છે તે લોકો ને આજે લાભ થવા ની પ્રબળ શક્યતા છે.
તુલા(ર.ત.):- મિત્રો સાથે સાંજ આહલાદક રહેશે પણ સાવચેત રહેજો, વધુ પડતું ખવાઈ જશે તો તમારી સવાર બગડશે. તમારૂં સમર્પણ તથા સખત મહેનતની નોંધ લેવાશે તથા આજે તેને કારણે તમારી માટે આર્થિક વળતર પણ લાવશે.
વૃશ્ચિક(ન.ય.):- જીવનને માણવા માટે તંમારી ઉમેદો ચકાસો. યોગની મદદ લો- જે તમને માનસિક, શારીરિક તથા આધ્યાત્મિક સ્વસ્થતાની જીવન કળા શીખવે છે જેથી તમે તમારી પ્રકૃતિ સુધારી શકો. આજે કોઈ ની મદદ વગર તમે પોતે ધન કમાવા માં સક્ષમ હશો.
ધન(ભ.ધ.ફ.ઢ.):- શારીરિક લાભ અને ખાસ કરીને માનસિક દ્દઢતા માટે ધ્યાન અને યોગ કરવાનું શરૂ કરો. આજે તમારી કોઈ ચલ સંપત્તિ ચોરી હોઈ શકે છે તેથી જેટલું શક્ય હોય તેટલું આના થી બચો. ઘરના મોરચે મુશ્કેલીઓનો ચરૂ ઉકળી રહ્યો છે આથી તમે જે બોલો છો તે અંગે સાવચેતી રાખજો.
મકર(ખ.જ.):- અન્યો સાથે ખુશી વહેંચવાથી તમારા સ્વાસ્થ્યમાં સુધારો થશે. રાત્રી ના સમયે આજે તમને ધન લાભ થવા ની પૂરી શક્યતા છે કે કેમ કે તમારા દ્વારા આપેલું ધન આજે પાછું આવી શકે છે. ઘરના બાકી રહેલા કાર્યો તમારો સમય લેશે.
કુંભ(ગ.શ.સ.):- ધ્યાન તથા યોગ આધ્યાત્મિક તથા શારીરિક લાભ માટે ઉપયોગી સાબિત થશે. પોતાના માટે પૈસા બચવાનો તમારો ખ્યાલ આજે પૂરો થયી શકે છે. આજે તમે સારી બચત કરવા માટે સમર્થ હશો. તમારા પરિવારના સભ્યની લાગણી દુભાવવાનો ભય હોવાથી તમારા ગુસ્સા પર અંકુશ રાખો.
મીન(દ.ચ.ઝ.):- આજે તમારી પાસે સારો એઅવો સમય હશે આથી,તમારા સારા સ્વાસ્થ્ય માટે લાંબી વૉક પર જાવ. આજે તમને પોતાની સંતાન દ્વારા ધન લાભ થવા ની શક્યતા દેખાય છે અને તમને આના દ્વારા ખુશી થશે. તમારા પ્રિયપાત્ર સાથેના તમારા સંબંધોને બગાડી શકે તેવા મુદ્દાને ઉખેડવાથી દૂર રહેવું જ તમારી માટે શ્રેષ્ઠ છે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# ઝાલોદના ગરાડુ ગામના બે ફળીયામાં પીવાના પાણીની સુવિધાના અભાવે કુવા અને હેડ પંપ ઉપર લાંબી કતારો

ઝાલોદ,

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના ગરાડુ ગામના બે ફળિયામાં પાણીની સુવિધા ન હોવાના કારણે ગ્રામજનો પાણી ભરવા માટે એક એક કિલો મીટર સુધી પાણી ભરવા જતા હોય છે અને ગામમાં એક હેડ પંપ અને એક કુવો હોવાથી અનેક ફળિયાનાં લોકો પાણી ભરવા આવતા હોય છે. ત્યારે હેંડ પંપ અને કુવો પર લોકો ની પાણી ભરવા માટે લાંબી કતારો લાગતી હોય છે. ત્યારે હમણાં કોરોના




તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

મહામારી ચાલી રહી છે. ત્યારે આ સમયે ગ્રામ્ય લેવલે સતત કેસોમાં નોંધપાત્ર વધારો થતો હોવાથી તંત્ર દ્વારા સતત કામગીરી કરવામાં આવતી હોય છે. ત્યારે ઝાલોદ તાલુકાના ગરાડુ ગામ માં આ રીતે પાણી ભરવા માટે મોટી કતારો લાગતી હોય છે. ત્યારે સોશિયલ ડિસ્ટન્સના પણ ધજાગરા ઉડી રહ્યા છે અને કોરોનાનો વિસ્ફોટ પણ થઈ શકે છે. તેવી સંભાવનાઓ વધી રહી છે. ત્યારે ઝાલોદના આમ આદમી પાર્ટી પ્રમુખ અનિલભાઈ ગરાસિયા એ દાહોદ મિડિયાને રજૂઆત (જાણે) કરતા દાહોદ લાઈવ ન્યૂઝના રિપોર્ટર દ્વારા રિયાલિટી ચેક કરતા ઝાલોદ તાલુકાના ગરાડુ ગામમાં સ્થળ મુલાકાત લેતા ખરેખર લોકોને પાણીની સમસ્યા હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. ત્યારે ગરાડુ ગામમાં એક તળાવ અને એક હેન્ડપંપ અને એક કૂવો હોવાથી કૂવામાં માંડ ૨ ફૂટ પણ પાણી ન મળતાં અને કુવામાં પાણી પણ ઉંડુ હોય તોય ગંદુ પાણી લોકો પી રહીઆ છે ત્યારે સવારના ૫ વાગ્યા થી લોકો પાણી ભરવા માટે લાઈન લગાવતા હોય છે. તોય લોકોને પાણી મળતું નથી.ઠોર ઠાકર માટે પણ પાણીની કઈ સુવિધા ન હોવાથી ઠોર ઠાકર ને દૂર થી પાણી લાવીને પાણી પીવડાવું પડે છે તેવું સામે આવ્યું હતું. આમ ગામમાં તળાવ આવેલું છે, પણ તળાવ માં પણ પાણી સુકાઈ જવાથી પોતાના પશુ માટે પાણી લેવા માટે ગણું દુર જવું પડતું હોય છે. તેવું ગ્રામજનો દ્વારા જણાવાયું આમ ગામના સ્થાનિક લોકોની રજૂઆતના આધારે ત્રણ વર્ષ થી હજી ગામમાં બોર કરવામાં આવીયા નથી અને લોકો પાસેથી બોરના પૈસા ઉઘરાવી લેવામાં આવીયા છે અને મંજુર થયેલા બોરના પૌસની માગણી કરે છે. તેવા આક્ષેપો ગ્રામજનો દ્વારા કરવામાં આવ્યા હતાં. ત્યારે ગરાડુ ગામના સરપંચ અને સરકારી તંત્ર ને જાણ કરવાં છતાં કોઈ પણ સમસ્યાનો નિકાલ ન આવતા ગ્રામજનો દ્વારા આક્રોશ વ્યક્ત કર્યો હતો ત્યારે આ મામલે તાત્કાલિક પીવાના પાણીની સમસ્યા હલ કરવાં આવે અને ઠોરો માટે ટાંકી બનાવી ટેન્કરો થી પાણી પૂરૂં પાડવામાં આવે એવી ગરાડુ ગ્રામજનોની માંગ ઉઠવા પામી છે.

## દાહોદ જિલ્લામાં આજે કોરોનાના માત્ર બે કેસ પોઝિટિવ : કુલ આંકડો ૭૧૦૪

દાહોદ,

આર.ટી.સી.આર.ના ૨૪૪૬ પૈકી શૂન્ય અને રેપિડ ટેસ્ટના ૪૫૫ પૈકી ૨ કોરોના પોઝિટિવ કેસ નોંધાયા છે. આ બે કેસ સંજેલીમાંથી સામે આવ્યા છે. હર હંમેશની જેમ આજે પણ કોરોનાથી મૃત્યુઆંક શૂન્ય છે ત્યારે બીજી તરફ કોરોનાના કેસો દાહોદ જિલ્લામાં ઘટતા લોકોએ ઘણી રાહત અનુભવી છે. દર રવિવારે દાહોદ શહેરમાં સંલગ્ન તંત્ર દ્વારા દ્વારા સેનેટાઈઝર છાંટવાની કામગીરી પણ પૂરજોશમાં ચાલી રહી છે.




આજે બધું ૧૧ દર્દીઓ કોરોનાથી સાજા થતા તેઓને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી ત્યારે દાહોદ જિલ્લામાં કોરોના એક્ટિવ કેસો ૪૭ રહેવા પામ્યા છે અને કોરોનાથી અત્યાર સુધી ૩૩૮ લોકો પોતાનો જીવ ગુમાવી ચૂક્યા છે. દાહોદ શહેરની સરકારી હોસ્પિટલ સાથે સાથે ખાનગી હોસ્પિટલોમાં પણ કોરોનાના કેસ હવે જોવા મળતા નથી. અગાઉ એપ્રિલ માસ દરમિયાન કોરોનાનો રાફડો ફાટ્યો હતો. ત્યારે કોરોનાના દર્દીઓ તેમજ તેમના સ્વજનો એક હોસ્પિટલથી બીજા હોસ્પિટલ દોડધામ કરતા પણ નજરે પડી રહ્યા હતા. ત્યારે એકાએક કોરોનાના કેસમાં ઘટાડો નોંધાતા આરોગ્ય તંત્ર સમેત જિલ્લાવાસીઓએ રાહત અનુભવી છે.

## દાહોદ જીલ્લાની ખાણ-ખનિજના અધિકારી એક સમયનો કોમ્પ્યુટર ઓપરેટર અધિકારીની માફક રવિવારની રજાના દિવસે ઉભેલી ટ્રક ડ્રાયવર પાસે નાણાં પડાવવા માટે મથી રહ્યો છે ?

દે.બારીયા,

દાહોદ જીલ્લો તમામ વિભાગોના સરકારી બાબુઓના માટે સોનાના ઈંડા આપતી મરઘી સમાન છે. એક સમયનો સામાન્ય કોમ્પ્યુટર ઓપેરટર તરીકે ફરજ બજાવતો વ્યકિતની માનસીકતા કેવી હોય તે આ ઘટના ઉપરથી જાણવા મળે છે. ખાણ-ખનિજની ઓફિસમાં કોમ્પ્યુટર ઓપેરટર તરીકે ફરજ બજાવતો રાજુ કાઠીયાવાડી નાનો માણસ મોટા માંથીને શું ? કરી શકે છે. નાનો માણસ નાના મોજ હાથ નાખી શકે છે. એક ટ્રક રેતીની એ પણ ધાર્મિક સ્થળ માટે લવાયેલી તેને પકડી ને પોતાની ફરજ બજાવતો હોય અને પોતે જ પોતાની પીઠ ઠપઠપાવતો જોવામાં આવ્યો છે. મોટા રેતી માફિયાઓ પાસે જવાની હિંમત નથી. જેઓ દિવસના લાખ્ખોની રેતીની ચોરી કરી રોડ ઉપર થી ઓફિસના સમયે એટલે ૧૧ કલાકે બીજો સમય ઓફિસની રીસેશના સમયે એટલે બે વાગ્યાના સુમારે કાર્યવાહી કરવા નિકળે છે. તેને પકડવામાં આવતી નથી માંડ માંડ પોતાનું ગુજરાન ચલાવતા સામાન્ય ટ્રક ડ્રાયવરને પકડીને પોતાની શું ? ઉન્નતી થઈ જશે ?

પ્રાપ્ત માહિતી અનુસાર દે.બારીયાના ભે દરવાજાના વિસ્તારમાં તા.૬/૬/૨૦૨૧ના રવિવારના રોજ ૪ કલાકે એ પણ રવિવારના રજાના દિવસે ખાણ-ખનિજ વિભાગની દાહોદ ખાતેની કચેરીનો અધિકારી જેવો રોફ મારતો નામે રાજુ કાઠીયાવાડી ઉભેલી ટ્રકને ડીટેઈન કરવા માટે રજાના દિવસે સરકારી ગાડીનું ગેરકાનૂની ઉપયોગ કરી રૂપીયા પડાવવા માટે આવી જતા સ્થાનિક જનતાનો મીજાજ જોઈને મારતી ગાડી એ પરત જતું રહેવું મુનાસીબ સમજતા દેખાડી હતી. ભીડની આમ જનતામાં એક સુર હતો કે, મોટા ચોરોને પકડવામાં આવતા નથી. તે ઉભેલી ગાડીઓને કેમ પકડવામાં આવે છે. તમામ પદના અધિકારીઓ રવિવારના દિવસે રજા ગાળતા હોય છે અને રાજુ કાઠીયાવાડી રજાનો ગેરઉપયોગ કરી નાણાં ઉઘરાવતો જોવા મળે છે. રજાના દિવસે એટલે કે કોઈ અન્ય માણસો દેખીના શકે અને આપણું ગેરકાનૂની ઉઘરાણું બની જાય એવા લોકોને કોણ છારવે છે. આમ તો દરમાસમાં ભ્રષ્ટાચારી કર્મીઓ પોતાની અંગત ગાડીમાં આવીને ઉઘરાણું કરી દેતા હોય છે. તેમાં સ્થાનિક તંત્ર સામેલ છે. જેથી ગુજરાત સ્ટેટ વીજીલન્સ વિભાગ તેમજ આયકર વિભાર આવા નાના કર્મચારીઓથી લઈને ઉચ્ચપદના અધિકારીઓની બેનામી આવકની તપાસ કયારે કરશે જો આયકર ભ્રષ્ટાચારીઓને ન્યાયના કઠેળામાં ઉભા કરવા રહ્યા પાનમ નદીના પટમાંથી અને છોટાઉદેપુરની ઓસંગ નદીના પટમાંથી કિંમતી ખીનજ પાસેના રાજ્યો માંથી દસ એક હજાર થી પંદર સોમાં વેચાણ થઈ છે. જેમાં ચેક પોસ્ટના તમામ માણસો આ ગોરખધંધામાં સામેલ છે. જેથી આ તમામ વિભાગની મલીભગત અને મેળાપીપણા થી ગુજરાત સરકારની તિજોરીને લાખ્ખોનો ચુનો ખુદ સરકારી બાબુઓ ચોપડી રહ્યા છે. આખા સીસ્ટમને કોણ પહોંચી વળી શકે છે. તે યક્ષ પ્રશ્ન છે.

## દાહોદની ઝાયડસ હોસ્પીટલમાં ૧૬ વર્ષની કિશોરીના પેટમાંથી ૪ કિલોની ગાંઠ કાઢવાનુ સફળ ઓપરેશન કરાયું

દાહોદ,

દાહોદની ઝાયડસ હોસ્પીટલમાં સફળ ઓપરેશન કરી ૧૬ વર્ષની કિશોરીના પેટમાંથી ૪ કિલોની ગાંઠ કાઢવામાં આવી હતી. તબીબોની ટીમે જહેમત ઉઠાવી કરેલી શસ્ત્રક્રિયા બાદ હાલ દર્દીની તબિયત સ્થિર છે. જો આ ગાંઠ વેળાસર કાઢવામાં ન આવી હોત તો દર્દીને વધારે તકલીફ થવાની સંભાવના રહેલી હતી.દાહોદની ઝાયડસ હોસ્પીટલમાં તારીખ ૩૦ મેના રોજ એક ૧૬ વર્ષની કિશોરીને દાખલ કરવામાં આવી હતી. તેણે પેટમાં અસહ્ય દુખાવો થતો હોવાની ફરિયાદ કરી હતી.આ કિશોરીને પેટમાં દુખાવા સાથે ઉલ્ટીઓ પણ થતી હતી અને તેને કારણે તે ખોરાક પણ લઇ શક્તી ન હતી. જેથી તેની વિવિધ તપાસ હાથ ધરવામાં આવી હતી.ગાયનેક સર્જન ડો.કનિષ્ક નાયક તેની સારવારા કરી રહ્યા હતા.તેમણે તેના લોહીના રિપોર્ટ કરાવ્યા હતા અને તેની સાથે સીટી સ્કેન પણ કરાવતાં તેના અંડાશયમાં ગાંઠ હોવાનું માલૂમ પડ્યુ હતું.જેથી તેનુ ઓપરેશન કરવુ જરૂરી હતું. તેના વાલીઓ સાથે ચર્ચા કરી ઓપરેશન કરવાનું નક્કી કરવામાં આવ્યુ હતુ અને તેના માટે વાલીઓએ પણ સંમત્તિ દર્શાવી હતી.ગાયનેક સર્જન ડો.કનિષ્ક, એનેસ્થેટીસ ડો.અમી અને ડો આનંદની ટીમ સ્ટાફ નર્સ દ્વારા ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું અને કિશોરીના અંડાશયમાંથી ગાંઠ દુર કરવામાં આવવી હતી. ગાંઠનુ વજન કરતાં ૪ કિલોની છે. તેમજ તેની લંબાઇ પહોળાઇ ૨૫સેમી * ૨૩સેમી માલુમ પડી છે.આ ગાંઠને ઓવેરીન સાયસ્ટીક માસ કહેવામાં આવે છે.

આ ઓપરેશન ખાનગી દવાખાનામાં કરવામાં આવતું તો દર્દીના વાલીઓને મસ મોટો ખર્ચ કરવો પડતો પરંતુ ઝાયડસમાં નિઃશુલ્ક શસ્ત્ર ક્રિયા કરાતાં કિશોરીનું જીવન પણ બચી ગયું છે અને વાલીઓનાં નાંણા પણ બચી ગયા છે.

## દાહોદના દેલસર ગામે રેતી અને ઈંટો હટાવવા બાબતે છુટા હાથે મારામારી

દાહોદ,

દાહોદ તાલુકાના દેલસર ગામે રેતી અને ઈંટો હટાવવા આ બાબતે તેમજ ગાળો બોલવા મામલે બે પક્ષો વચ્ચે છુટા હાથની મારામારી તેમજ હથિયારો વડે સામસામે મારામારીના બનાવમાં ત્રણથી વધુ વ્યક્તિઓને ઈજાઓ થયાનું જાણવા મળે છે. ત્યારે આ સંબંધે બંને પક્ષો દ્વારા પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.દેલસર ગામે રાયણ ફળિયામાં રહેતા મનુભાઈ સકરીયાભાઈ મેડા દ્વારા નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યા અનુસાર, ગત તારીખ ૧૫મી મેના રોજ દાહોદ તાલુકાના ગલાલીયાવાડ ગામે રહેતા મેહુલભાઈ મંગાભાઈ મકવાણા, પિન્ટુભાઈ મકવાણા, પ્રજ્ઞેશભાઈ મકવાણા, મિનલબેન મકવાણા, માયાબેન મકવાણા, લીલાબેન મકવાણા, કસ્તુરીબેન મકવાણા તેમજ સુમિલાબેન મકવાણા એકસંપ થઈ ગેરકાયદે મંડળી બનાવી મારક હથિયારો તેમજ પથ્થરો લઈ મનુભાઈના ઘરે આવ્યા હતા અને બેફામ ગાળો બોલી સુશીલાબેનને છુટા પથ્થરો તેમજ ગડદાપાટુનો મારમારી શરીરે ગંભીર ઈજાઓ પહોંચાડી ભારે ધિંગાણું મચાવતા આ સંબંધે મનુભાઈ મેડા દ્વારા દાહોદ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.સામાપક્ષેથી ગલાલીયાવાડ ગામે મકવાણા ફળિયામાં રહેતા મેહુલભાઈ મંગાભાઈ મકવાણા એ નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યા અનુસાર, ગત તારીખ ૧૫મી મેના રોજ દેલસર ગામે રહેતા મનુભાઈ મેડા સુશીલાબેન મેડા, સ ા ` બ ન ભ ા ઈ નીનામા, અનિલભાઈ નીનામા, અજયભાઈ નીનામા તેમજ ચંદુભાઈ નિનામા પોતાની સાથે મારા ધારણ કરી રેતી અને ઈંટો હટાવવા બાબતે મેહુલભાઈ સાથે ઝઘડો કર્યો હતો અને બેફામ ગાળો બોલી એકદમ ઉશ્કેરાઈ છે. મેહુલભાઈ પ્રજ્ઞેશભાઈ વિગેરેને લાકડી વડે તેમજ ગડદાપાટુનો મારમારી શરીરે ઈજાઓ પહોંચાડતા મેહુલભાઈ દ્વારા દાહોદ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા દાહોદ તાલુકા પોલીસે બંને સામે ફરિયાદ નોંધી ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ છે.

## સંજેલીના જસુણી ગામે પંચ રાહે નિકાલના અડધા નાણાં નહિ ચુકવતાં યુવતિના પરિવારજનો એ ઘર સળગાવ્યું

દાહોદ,

દાહોદ જિલ્લાના સંજેલી તાલુકાના જસુણી ગામે યુવક છોકરી ભગાડી ગયા બાદ તેનો પંચ રહે નિકાલ થયો હતો અને આ નિકાલમાં પૈસા આપવાની વાત થઈ હતી યુવકના પરિવારજનો દ્વારા નક્કી કરવામાં આવેલ નાણા પૈકી અડધા નાણાં યુવતીના પરિવારને આપી દીધા હતા અને અડધા ના બાકી રહેતા અને બે વર્ષનો સમયગાળો વીતી જતા આ સંબંધે યુવતીના પરિવારજનો દ્વારા યુવકના ઘરે આવી બેફામ ગાળો બોલી મકાઈની રાડ તેમજ ઘર આખું સળગાવી એક ને માર મારતા પોલીસમાં ફરીયાદ નોંધાવા પામી છે.જસુણી ગામેથી ભેદી ફળિયામાં રહેતા લલુભાઈ રાયસીંગભાઈ ભેદીનો નાનો ભાઈ પ્રવીણ પોતાના જ ગામમાં રહેતા ભરતભાઈ ગલાભાઈ ડામોરની પુત્રીને ૨ વર્ષ પહેલાં પત્ની તરીકે રાખવા ભગાડી લઈ આવ્યો હતો. આ મામલે રાહે નિકાલ કરવામાં આવ્યો હતો અને યુવતીના પરિવારજનોને નાણાં આપવાનું નક્કી થયું હતું. આ સમયગાળા દરમિયાન યુવકના પરિવારજનો દ્વારા અડધા પૈસા આપી દીધા હતા અને અડધા પૈસા બાકી હતા. આ બાબતની અદાવત રાખી યુવતીના પરિવારજનોમાંથી તેના પિતા ભરતભાઈ, પ્રવીણભાઈ લક્ષ્મણભાઈ ખરાડી અને વિનોદભાઈ મનજીભાઈ ડામોર ગત તારીખ ૪ જૂનના રોજ લલુભાઈ ના ઘરે આવ્યા હતા અને બેફામ ગાળો બોલી કહેવા લાગેલા કે, પૈસા કેમ આપતો નથી. તેમ કહી એકદમ ઉશ્કેરાઇ જઇ લલુભાઈને ગડદાપાટુનો માર માર્યો હતો અને તેઓના મકાઈની રાડમાં દીવાસળી ચાંપી તેમજ લલુભાઈના ઘર અને પણ સળગાવી દઈ ભારે નુકસાન કરી ધિંગાણું મચાવતા અને મારી નાખવાની ધમકી આપતા આ સંબંધે ઈજાગ્રસ્ત લલુભાઈ રાયસીંગભાઈ ભેદી દ્વારા સંજેલી પોલીસ મથકે ફરિયાદ નોંધાતા પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દાહોદના બેરોજગાર યુવકને નોકરીની લાલચે ભેજાબાજે ૧૦,૨૬૦ ટ્રાન્જેકશન કરી છેતરપિંડી કરી

દાહોદ,

દાહોદ શહેરમાં એક બેરોજગાર યુવક ને નોકરી અપાવવાની લાલચ આપી બે કેટલાક ભેજાબાજોએ યુવકને પટાવી, ફોસલાવી તેના પેટીએમ દ્વારા રૂપિયા ૧૦,૨૬૦/- ટ્રાન્ઝેકશન કરાવી છેતરપિંડી વિશ્વાસઘાત કર્યાની ફરિયાદ નોંધાવા પામી છે.દાહોદ શહેરમાં ગોધરા રોડ જનતા કોલોની ખાતે રહેતા ગોવિંદભાઈ કિસન કુશવાહાને અંશુકુમાર અને અંકિતકુમાર નામક બીપી ચૂદાઈ ગોવિંદભાઈને નોકરીની લાલચ આપી અલગ અલગ તારીખે પેટીએમ દ્વારા ૧૦,૨૬૦/- ટ્રાન્જેકશન કરાવડાવી નોકરી નહી આવી ઠગાઈ વિશ્વાસઘાત કરતા આ સંબંધે ગોવિંદભાઈ કિસન કુશવાહા દ્વારા દાહોદ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દાહોદ તાલુકાના છાપરી ગામે ફોર વ્હીલ ચાલકે રોંગ સાઈડ વાહન હંકારી બાઈક અડફેટમાં બાઈક ચાલકનું મોત

દાહોદ,

દાહોદ તાલુકાના છાપરી ગામે એક ફોર વીલર ગાડીના ચાલકે પોતાના કબજાની ગાડી પુર ઝડપે અને રોગ સાઈડ પર હંકારી લાવી સામેથી આવતી એક મોટરસાઈકલને અડફેટમાં લેતા મોટરસાઈકલ ચાલકને તરીકે તેમજ માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.ગત તારીખ પાંચમી જૂનના રોજ દાહોદ તાલુકાના છાપરી ગામે હાઈવે રોડ પર એક ફોર વીલર ગાડીના ચાલકે પોતાના કબજાની ગાડી પૂરઝડપે અને ગફલતભરી રીતે રોગ સાઈડ પર હંકારી લાવતો હતો તે સમયે ત્યાંથી મોટરસાયકલ લઈને પસાર થઇ રહેલા દાહોદ તાલુકાના ઉસારવણ ગામે ભરતભાઈની મોટર સાયકલને જો ભી ટક્કર મારતા ભરતભાઈ મોટરસાઈકલ પરથી જમીન પર ફંગોળાયા હતા જ જેને પગલે તેઓને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેઓને તાત્કાલીક નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન ભરત ભાઈનું મોત નિપજતા આ સંબંધી ઉસરવાણ ગામે રહેતા ભીમાભાઈ ધનજીભાઈ ડામોર દ્વારા દાહોદ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## ગરબાડા નગરમાં રેલ્વે આર.પી.એફ.ની ઓળખ આપી બેરોજગારોને નોકરીના બહાને ૧૨ હજાર પડાવ્યા

દાહોદ,

દાહોદ જિલ્લાના ગરબાડા નગરમાં ચકચારી બનાવ સામે આવ્યો છે. જેમાં એક ઈસમે પોતે રેલવેના પોલીસ આરપીએફમાં એસઆઈ તરીકે નોકરીની ખોટી ઓળખ આપી ગરબાડા નગરમાં રહેતા કેટલાક બેરોજગાર યુવકોને નોકરી અપાવવાની લાલચ આપી તેઓના ખોટા આઇકાર્ડ તથા નોકરીના ઓર્ડર ઓ બનાવી કુલ રૂપિયા ૧૨,૫૦,૦૦૦/- પડાવી લઈ વિશ્વાસઘાત છેતરપિંડી કરતા આ સંબંધે ગરબાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાતા ખળભળાટ મચી જવા પામ્યો છે.

ગરબાડા નગરમાં મોહનીયા ફળિયા ખાતે રહેતા અરવિંદભાઈ મનુભાઈ સંગાડાએ ગરબાડા નગરમાં રહેતા દેવેન્દ્રભાઈ હરીશભાઈ પંચાલ સહિત કેટલાક યુવકો ને પોતે રેલવેના પોલીસમાં આરપીએફ માં એએસઆઇ તરીકે નોકરીની ખોટી ઓળખ આપી હતી અને દેવેન્દ્રભાઈ સહિત કેટલાક બેરોજગાર યુવકોને નોકરી અપાવવાની લાલચ આપી વિશ્વાસમાં લીધા હતા. દેવેન્દ્રભાઈ સહીદ કેટલાક બેરોજગાર યુવકો પાસેથી મળી કુલ રૂપિયા ૧૨,૫૦,૦૦૦/- અરવિંદભાઈએ પડાવી લીધા હતા અને ખોટા આઇડી કાર્ડ તથા ફોટા નોકરીના ઓર્ડર પણ કાઢી આપ્યા હતા લાંબા સમય સુધી નોકરીની કોઈ ઠેકાણું ન પડતા અને આખરે પોતે છેતરાયા હોવાનું માલુમ પડતાં દેવેન્દ્રભાઈ હરીશભાઈ પંચાલ દ્વારા આ સંબંધે અરવિંદભાઈ મનુભાઈ સંગાડા વિરૂદ્ધ ગરબાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી અરવિંદભાઈ મનુભાઈ સંગાડા ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે.

## ગરબાડાના પાંદડી ગામેથી ૧.૩૪ લાખનો ઈંગ્લીશ દારૂ સાથે એક ઈસમ ઝડપ્યો

દાહોદ,

ગરબાડા તાલુકાના પાંદડી ગામે એક રહેણાંક મકાનમાંથી દાહોદ સીટી પોલીસે કુલ રૂપિયા એક લાખ ૧,૩૪,૮૮૦/- ના વિદેશી દારૂના જથ્થા સાથે એકની અટક કર્યાનું જાણવા મળે છે ત્યારે વિદેશી દારૂ લઈને આવનાર અન્ય ચાર જેટલા ઈસમો વિરૂદ્ધ પણ પોલીસે પ્રોહીબીશનનો ગુનો નોંધી ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે.મડિયાભાઈ ગણાવા, ગોપીભાઈ મડિયાભાઈ ગણાવા તથા મેંલેશ મડિયાભાઈ ગણાવા (ત્રણે રહે.વરમખેડા,તાલુકો જિલ્લો.દાહોદ) ત્રણેય જણા પોતાના કબજાની સફેદ તભજ્ઞાશિજ્ઞ ગાડીમાં વિદેશી દારૂની પેટીઓ નંગ ૨૨ જેમાં બોટલો નંગ ૯૧૨ જેની કુલ કિંમત રૂપિયા ૧,૩૪,૮૮૦/- નો પ્રોહીબીશનનો જથ્થો પાંદડી મુકામે રામડુંગરા ફળિયા રહેતા ચુનીયાભાઈ ભૂરાભાઈના ઘરે લાવી કટીંગ કરતા હતા. આ અંગેની બાતમી દાહોદ એલ.સી.બી પોલીસને થતા પોલીસ કાફલો પાંદડી ગામે જવા રવાના થયો હતો અને ઉપરોક્ત ચુનીયાભાઈના મકાનમાં ઓચિંતી પ્રોહી રેડ કરતાં નાસભાગ ના દ્રશ્યો સર્જાયા હતા. પોલીસને જોતા ગોપીભાઈ મેંલેશભાઈ વિદેશી દારૂ લાવનાર ૨ અજાણ્યા મોટરસાયકલના ચાલકે પોલીસને ચકમો આપી નાસી જવામાં સફળ રહ્યા હતા. ત્યારે પોલીસે મડિયાભાઈ ગણાવાને ઝડપી પાડી કુલ કિંમત રૂપિયા ૧,૩૪,૮૮૦/- નો પ્રોહીબીશનનો જથ્થો પોલીસે કબજે લઈ ઉપરોક્ત તમામ ઈસમો વિરૂદ્ધ પ્રોહી ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 242

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

# કાલોલ તાલુકાના વરવાડાગામ પંચાયત હદમાં આવેલ ઈંટોના ભઠ્ઠાઓ બાળકો માટે જોખમી


તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

કાલોલ,

કાલોલ તાલુકાના વરવાડાગામ પંચાયતમાં બેફામ રીતે ઈંટો ના ભઠ્ઠાઓ ધમધમી રહ્યા છે. બેફામ રીતે ચાલી રહેલાં ઈંટોના ભઠ્ઠાઓમાંથી બનાવે ઈંટોને ચીમનીમાં પકવીને પાકેલ ઈંટોના જથ્થાને ભઠ્ઠા માંથી ઈંટો બહાર કાઢી અમુક ઉંચાઈ સુધી ઈંટોનો ઠબેકા મારી સ્ટોક કરતાં હોય છે.પરંતુ આવા ઈંટોના ભઠ્ઠાઓ પર અનેક પરીવાર રહેતાં હોય છે. આ પરીવારમાં નાનાં બાળકો પણ હોય છે. જ્યારે આવાં ભઠ્ઠાઓ પર બાળકો પણ બાળમજૂરી પણ કરતાં હોય છે. ઉલ્લેખનીય એ છે કે, આ વિસ્તારમાં બેફામ રીતે ચાલતાં ઈંટોના ભઠ્ઠાઓ ઊભી કરેલી પતરાની ચીમનીઓ, ઈંટો પકવવા માટે લગાવવામાં આવતી આગ, વેચાણ કરવા માટે ઊંચાઈ સુધી ઈંટોનો ઊભો કરેલ ઠબેકા બાળકો માટે જીવનાં જોખમરૂપી બની જતા હોય છે અનેકવાર ધમધમી ઉઠેલાં ઈંટોના ભઠ્ઠાઓ પર અનિચ્છનીય ઘટના પણ બનતી હોય છે. પરંતુ આવા ઈંટોના ભઠ્ઠાઓ પર જાણે સ્થાનિક તેમજ જિલ્લા વહીવટીતંત્રની રહેમ નજર કે પછી આવાં બે ફામ ચાલતાં ઈંટોના ભઠ્ઠાઓ પર આંખ આડા કાન કરવામાં આવે છે ? જેથી બેફામ ચાલી રહેલ ભઠ્ઠાના માલિકો કોઈ પણ પ્રકારનો ડર રાખ્યા વિના બિન્દાસ વ્યાપેલો કરતાં હોય છે. જોકે આવા બે ફામ ચાલતા ઈંટોના ભઠ્ઠાઓ પર તંત્ર દ્વારા છાપા મારી દિવાળીના સમયોમાં ફોરમુલા કર્યાં બાદ જેસે થે જેવી પરીસ્થીતી જોવા મળતી હોય છે. પરંતુ ઈંટોના ભઠ્ઠાઓ પર પાકી ઈંટોના ઉંચા ઠબેકાઓ પર બાળકો સાંજે ના સમયે ઉંચાઈઓ સુધી ચડીને રમતો રમતાં હોય છે.આવા નાસમજ બાળકોના પરીવાર પણ બાળકો ની ફીકરન હોય તેમ બાળકો બિન્દાસ ખેલ ખુદ કરતા હોય છે.જે બાળકો માટે જોખમરૂપ બની શકે છે.જો કોઈ અનિચ્છનિય ઘટના બને તો જવાબદાર કોણ? શું તંત્ર દ્વારા આવા બેફામ ઈંટોના ભઠ્ઠાઓ પર તંત્ર સત્વરે કાર્યવાહી માટે જવાબદાર તંત્ર એક્શનમાં આવશે ? કે પછી તેરી ભી ચુપ મેરી ભી ચુપની નીતિ અપનાવી આંખ આડા કાન કરવામાં આવશે તે હવે જોવાનું રહ્યું.

# ગોધરા ગાયત્રી પરિવાર દ્વારા કોરોના નાબુદી યજ્ઞ ટ્રેક્ટર સોસાયટીઓમાં ફેરવ્યું



વૈશ્વિકમહામારીકોરોનાએમાનવજીવનઅસ્તવ્યસ્ત કરી નાખ્યું છે. ત્યારે પ્રત્યેકમાનવ સ્વસ્થશરીર સાથે પોતાનું જીવનઅને કુટુંબજીવન તંદુરસ્ત રીતે રાખી શકે તથા કોરોનાને વાતાવરણમાંથીદૂરકરવા ગાયત્રીપરિવારગોધરા દ્વારા આજે તા૬-૬-૨૦૨૧ રવિવાર સવારે ૮ થી૧૨ છઠ્ઠા ચરણમાં કોરોના નાબુદી યજ્ઞ ટ્રેક્ટર રથ યાત્રા નિમિત્તે દીપઅને યજ્ઞ પ્રાગટ્ય કરવામાં આવ્યું. આ પ્રસંગે ગાયત્રી પરિવાર ગોધરા દ્વારા તેમનું સ્વાગત સ્થાનિક અંશવિલાસોસાયટી બહેનો દ્વારા કરવામાં આવ્યું ત્યારબાદ કોરોનાનાબુદીટ્રેક્ટરરથયાત્રા શુભારંભ અંશવિલાસોસાયટી,આશીર્વાદ, સૃષ્ટિ ૧,૨ તથા વસંત વિહાર સોસાયટીમાં કોરોના યજ્ઞયાત્રા કાઢવામાં આવી. વાતાવરણનેસેનેટાઈઝ કરવાના ભાગરૂપે છઠ્ઠા ચરણની કોરોના યજ્ઞ ટ્રેક્ટર યાત્રાનુંઆયોજન કરવામાં આવ્યું વાતાવરણને શુદ્ધ કરવાનોવૈજ્ઞાનિક પ્રયોગછે વિશેષઔષધીઓ કોરોના નાબૂદી માટે હોમાત્મક ચલિત ટ્રેક્ટર કોરોના નાબુદીયજ્ઞરથ દરેક સોસાયટીઓમાં ફેરવવામાં આવ્યો. વૈશ્વિક મહામારી કોરોના ને દૂર કરવાના અભિયાનના એક ભાગરૂપે ગાયત્રી પરિવાર ગોધરાના સક્રિય કાર્યકર્તાઓ પોતાના જાનના જોખમે પોતાના સમયદાન સાથે ઉપસ્થિત રહી સંપૂર્ણ સહકાર આપી તમામ સોસાયટીઓમાં રહીશોને આહુતિ આપવા માટે અને કોરોનાથી ડેમેજ વાતાવરણની અશુદ્ધિ તે દૂર થાય અને સર્વ લોકોનું જીવનધોરણ સરળ અને સ્વસ્થ બને તેવા શુભ વિશ્વ કલ્યાણની શુભ ભાવનાથી ગાયત્રી પરિવારગોધરાદ્વારા સુંદરરચનાત્મકકોરોના નાબુદી યજ્ઞ ટ્રેક્ટર યાત્રા આજે મંત્રોચ્ચાર સાથે વૈજ્ઞાનિક પ્લેટફોર્મ નજર રાખી સુંદર રીતે ફરી રહી હતી.

# શહેરાના વાડી ગામે જીવંત વિજવાયર પડતાં ભેંસનું મોત


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરા તાલુકાના વાડી ગામે જમીન પર પડેલ ખુલ્લા જીવંત વિજ વાયર પર ભેંસનો પગ પડી જતા કરંટ લાગતા મોત નિપજ્યું હતુ. પશુમાલિકે જાણવા જોગ ફરિયાદ પોલીસ મથક ખાતે નોંધાઈ છે.

તાજેતરમાં આવેલા વરસાદ અને વાવાઝોડાના કારણે કેટલીક જગ્યાએ વીજવાયરો પડી જવાની ઘટના બની હતી. જે વીજવાયરો પશુઓ માટે ઘાતક બન્યા હતા. જેમાં શહેરા તાલૂકાના વાડી ગામનું ખુલ્લી જગ્યામાં વીજવાયર ચાલુ લાઈનમાંથી નીચે પડ્યો હતો. ત્યારે પશુપાલક અભેસિંહ સોલંકીની ભેંસનો પગ જીવંત વીજ વાયર પર પડી જતા કરંટ લાગતા મોત થયું હતું. વીજ કરંટ થી પશુનું મોત થતા પશુપાલકના આંખમાં આંસુ આવી ગયા હતા. વીજ વિભાગની ઘોર બેદરકારીના કારણે પશુનું મોત થયા હોવાનું પશુપાલક અભેસિંહ દ્વારા આક્ષેપ કરવામા આવ્યો છે. પોલીસ મથક ખાતે પશુપાલક અભેસિંહ સોલંકી એ જાણવા જોગ ફરિયાદ નોંધાઈ હતી. એમ.જી.વી.સી.એલ. તંત્ર દ્વારા તાલુકા પંથકમાં ચોમાસાની શરૂઆત થવાની તૈયારી છે. તે પહેલા જે કામગીરી કરવામાં આવી જોઈએ એ માત્ર દેખાવ પૂરતી થતી હોવાનુ વીજ ઉપભોક્તામાં ચર્ચાનો મુદ્દો બન્યો છે. ત્યારે કોઈ પશુનું ફરીથી વીજ કરંટથી મોત નહી થાય તે માટે વીજતંત્ર ઉપરોક્ત બાબતને ગંભીરતાથી લઈને જરૂરિયાત મુજબની કામગીરી પંથકના વિસ્તારમાં કરવામા આવે તેવી પશુપાલકો માંથી માંગ ઉઠી છે.

# ડેરોલગામના નવા બુટલેગરોનો બીજી વખત રૂા.૮૪,૦૦૦/- નો વિદેશી દારૂ ઝડપી પાડતી ગોધરા એલ.સી.બી.પોલીસ



કાલોલ,

ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં નવા બુટલેગર ફુટી નીકળી વિદેશી દારૂ નો વ્યાપલો દ્વારા આવકનો સ્ત્રોત ઉપસ્થિત કરવાની જીગ્નાશા સાથે થનગનતા રોપ મારતાં હોય છે. જ્યારે આવા રૂંવાટી થાય નવા ફુટી નિકળેલ બુટલેગરને ઝડપી પાડી બુટલેગરો વિરૂદ્ધ પ્રોહીબીશનની ગુનાઓની કામગીરી પોલીસ દ્વારા કરવામાં આવતી હોય છે.એવુ જ કાંઈક કાલોલ તાલુકાના ડેરોલગામમાં રહેતાં અનિલ ઉર્ફે અન્નો શીવકુમાર સોની ગોધરા એલ.સી.બી.પોલીસની ઝપટમાં ગણત્રીના દિવસોમાં જ બીજી દારૂ નો જથ્થો ઝડપી પાડતાં નવા બુટલેગર તરીકે નામનાં મેળવી હોય તેવું જણાઈ આવે છે.ગોધરા એલ.સી.બી.પોલીસે અનિલ ઉર્ફે અન્ના નો સૌપ્રથમ વખત ડેરોલગામમાં આવેલ અનિલના ઘરમાંથી ૭૬,૮૦૦/- નો મુદ્દામાલ જપ્ત કરી કાલોલ પોલીસ સ્ટેશનમાં પ્રોહીબીસનનો ગુનો તાજેતરનાં દિવસ માંજ નોંધ્યો હતો. જ્યારે ગોધરા એલ.સી.ને બાતમી મળેલ કે ડેરોલગામમાં રહેતાં અનિલ ઉર્ફે અન્નો શીવકુમાર સોની એ હરીયાણા રાજ્યના ફરીદાબાદની ટી.સી.આઈ એક્સપ્રેસ ટ્રાન્સપોર્ટ મારફતે પરપ્રાંન્તીય ભારતીય બનાવટનો વિદેશી દારૂ નો જથ્થો મંગાવેલ હોવાની બાતમી આધારે એલ.સી.બી.ટીમ બાતમી વાળા સ્થળ હાલોલ ગાયત્રી નગર સોસાયટીની સામે આવેલ બાયપાસ રોડ ઉપર આવેલ ટી.સી.આઈ.એક્સપ્રેસ ટ્રાન્સપોર્ટ નામની ઓફિસના ગોડાઉનમાં ઉતારેલ પાંચ પેટીઓની બીલ્ટી ખોટી બનાવી એલોવેરા જેલ હોવાની દશોવી હોવાની હકીકત એવી.સી.બી પોલીસ એ બ્લેક એન્ડ વ્હાઈટ સ્કોર વ્હીસ્કી આને વિદેશી દારૂ ભરેલ બોટલ નંગ-૬૦ જેની કિંમત રૂા.૮૪,૦૦૦/-નો મુદ્દામાલ ઝડપી પાડ્યો હતો.જ્યારે ખોટી બીલ્ટી બનાવી સાચા તરીકે ટ્રાન્સપોર્ટ મારફતે હાલોલ ટી.સી.આઈ એક્સપ્રેસ ટ્રાન્સપોર્ટ મોકલનાર વિરૂદ્ધમાં તેમજ અનિલ ઉર્ફે અન્ના શીવકુમાર સોની રહે.ડેરોલગામ વિરૂદ્ધ હાલોલ ટાઉન પોલીસ સ્ટેશનમાં પ્રોહીબીશન એક્ટ તથા ભારતીય દંડ સહિતાની જુદી-જુદી કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ઉલ્લેખનિય એ છે કે, ડેરોલગામમાં નવા બુટલેગરનું બીડું પકડી વિદેશી દારૂનો વેપાર કરવાની વૃત્તિ ધરાવતા અનિલ ઉર્ફે અન્ના ને તાજેતરમાં બીજી વખત દારૂ ઝડપી પાડ્યો હતો. અગાઉ ડેરોલગામ માંથી અને ગણતરીના દિવસોમાં હાલોલ એમ બે સ્થળો પરથી વિદેશી દારૂ ગોધરા એલ.સી.બી પોલીસે ઝડપી પાડતાં સ્થાનિક પોલીસની કામગીરી ઉપર અનેક સવાલો ઉભા થયા રહ્યા છે. જોકે ગોધરા એલ.સી.બી.પોલીસે બાજ નજર રાખતા બુટલેની નવી પાસેલ પદ્ધતિથી સપ્લાય થતાં દારૂના જથ્થાને ઝડપી પાડી બુટલેગરની નવી યુક્તિ ને નિષ્ફળ કરી હતી.જોકે ગોધરા કઈઈ પોલીસની બાજુ નજરથી કાલોલ હાલોલ પંથક્ના બુટલેગરોમાં ફફડાટ ફેલાઇ ગયો હતો.

# ઘોઘંબા તાલુકાના લાલપુરીગામની સીમના ખેતરમાં ઉગાડેલા ગાંજાના ૧૧ નંગ છોડ સહિત બે આરોપીને ઝડપી પાડતી ગોધરા એસ.ઓ.જી.પોલીસ.

ઘોઘંબા,

પંચમહાલ જિલ્લા નાયબ પોલીસ મહાનિર્દેશક ગોધરા રેન્જ તેમજ પોલીસ અધિક્ષક ડો.લીના પાટીલ નાં માગેદશેન હેઠળ એસ.ઓ.જી.શાખાના પોલીસ ઈન્સ્પેક્ટર એમ.પી.પંડ્યા ના માગેદશેક મુજબ ગોધરા એસ.ઓ.જી.પોલીસને મળેલ બાતમી આધારે ઘોઘંબા તાલુકાના લાલપુરીગામમાં માતાવાળા ફળિયામાં રહેતા બીપીનભાઈ જાલમભાઈ પરમાર અને અર્જુનસિંહ ભુપતસિંહ પરમાર એમ બે વ્યક્તિઓના સીમમાં આવેલ ખેતરમાં ગાંજાના વનસ્પતિજન્ય છોડ ઉગાડી નાકોટીક્સને લગતી પ્રવૃત્તિ કરે છે. તેવી ચોક્કસ બાતમી આધારે એસ.ઓ.જી.પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી.જેના પગલે બંને વ્યક્તિ ના ખેતરમાંથી ગાંજાના છોડ મળી આવ્યા હતા. ગોધરા એસ.ઓ.જી.પોલીસ ટીમ ને બીપીનભાઈ જાલમભાઈ પરમાર નાં ખેતરમાંથી ગાંજાના છોડ નંગ-૨ જેનું વજન ૦૬ કીલો ૨૦૦/- ગ્રામ અને અર્જુનસિંહ ભુપતસિંહ પરમાર નાં ખેતર માંથી છોડ નંગ-૦૯ જેનું વજન ૦૭ કીલો ૮૦૦/- જેની કિંમત રૂા.૭૮,૦૦૦/- કુલ ગાંજા ના નંગ-૧૧ નું કુલ વજન ૧૪ કિલો મુજબ રૂા.૧,૪૦,૦૦૦/- ના મુદ્દામાલ સહિત બે આરોપીઓ સામે એન.ડી.પી.એસ.એક્ટ મુજબ ગુનો રજીસ્ટર કરવામાં આવેલ અને ગોધરા એસ.ઓ.જી.ટીમ દ્વારા પ્રસંશનીય કામગીરી કરી બીપીન પરમાર અને અર્જુન પરમાર વિરૂદ્ધ ગુનો નોંધી બંને આરોપીની ધરપકડ કરી ઘટતી કામગીરી હાથ ધરી છે.

# વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી



શહેરામાં વન વિભાગે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરી હતી. રેફરલ હોસ્પિટલ,મામલતદાર કચેરી અને એસ.જે.દવે હાઈસ્કુલ ખાતે તુલસી,આસોપાલવ, અડુસી સહિતના ૨૫૦ જેટલા છોડનું વૃક્ષારોપણ અધિકારીઓ અને સ્ટાફના હસ્તે કરવામાં આવ્યું હતું. વન વિભાગના આર.એફ.ઓ રોહીત પટેલએ પ્રજાજનોને પર્યાવરણ દિવસ ને લઈને દરેકે ૧૦ વૃક્ષો વાવવા માટે અપીલ કરી છે.


તસ્વીર : હસમુખ શિકારી મોરવા(હ)

મોરવા હડફમાં પર્યાવરણ દિવસ ઉજવણી વન વિભાગે કરી હતી. ધારાસભ્ય નિમીષાબેન સૂથાર સહિત વિવિધ કચેરીના અધિકારી અને વન વિભાગ દ્વારા વૃક્ષારોપણ કરીને વિવિધ છોડોનું વિતરણ કરેલ હતું.


તસ્વીર : આસીફ ઘંત્યા, ગોધરા

પંચમહાલ જીલ્લાના ગોધરા ખાતે આવેલી ગોવિંદગુરૂ યુનિની બોર્ડ ઓફ ગવર્નસની ૩જી બેઠક મળી હતી.વિડીઓ કોન્ફરન્સના માધ્યમથી મળેલી બેઠકમાં કુલપતિ પ્રતાપસિંહ ચૌહાણ સહીત સભ્યો, આમંત્રિત સભ્યો યુનિના વિદ્યાર્થીઓ, કુલસચિવ હાજર રહ્યા હતા. આ મિટીંગમા વિવિધ ઠરાવોને લઈને ચર્ચા કરવામા આવી હતી. જેમા નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ની બહાલીએ યુનિ બજેટને સર્વાનુમતે રજુ કરવામાં આવ્યુ હતું. તેમજ બીજો પદવી દાન સમારોહ યોજવા માટે યુનિના સંલગ્ન સહીતની કોલેજો તેમજ માન્ય અનુસ્નાતક કેન્દ્રો ખાતે વિવિધ વિદ્યાશાખામા અભ્યાસ કરતા ૧૩,૦૯૭ વિદ્યાર્થીઓને ડીગ્રી સર્ટીફિકેટ આપવા તેમજ પ્રોત્સાહીત કરવા માટે મંજુરી આપવામા આવી હતી. તેમજ યુનિ ફાયનાન્સ કમિટીની વિચારણા કરવામા આવી હતી. જેમાં જેના સભ્ય તરીકે ધારાસભ્ય સી.કે. રાઉલજીને નોમીનેટ કરવામાં આવ્યા હતા. જેનો સૌએ સ્વીકાર કરવામા આવ્યો હતો. તેમજ ફાયનાસ્સ વિભાગના નિષ્ણાત તરીકે ડો.કે.એન ખેર કુલ સચિવની નિમણુંક કરવામાં આવી હતી.


તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

૫ જૂનના જીન્સને વિશ્વ પર્યાવરણ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસે દેશભરની સરકારી કચેરીઓ, સંગઠનો, સંસ્થાઓ, પદાધિકારીઓ, દ્વારા પયોવરણ ને લઈને અલગ-અલગ જાતના વૃક્ષોના છોડવા રોટી ઉજવણી કરવામાં આવતી હોય છે. કાલોલ તાલુકા આમ આદમી પાર્ટી દ્વારા કાલોલના બેઢીયા ગામે આવેલ જલારામ મંદિર ખાતે આમ આદમી પાર્ટીના કાર્યકરોની બેઠક રાખવામાં આવી હતી.